

પરોપકારાર્થે પ્રાણાર્પણ.

धनानि जीवितं चैव परार्थे प्राज्ञ उत्सृजेत् ।
तन्निमित्तो वरं त्यागो विनाशे नियते सति ॥

લેખક:—

મહાવીરપ્રસાદ દાધીચ.

શાન્તાક્રુઝ.

દીપોત્સવી વિક્રમાર્ક

સંવત ૧૯૯૦.

પરોપકારાર્થે પ્રાણાર્પણ.

લેખક

મહાવીરપ્રસાદ દાધીચ.

સમર્પણ.

શ્રી દધિમતી દીવાન

પં. ગોવીંદનારાયણજી શર્મા

વિદ્યાભૂષણ બી. એ.

એમના

કરકમલોમાં

સાદર સમર્પિત હો!

મહાવીર.

પરોપકારાર્થે પ્રાણાર્પણ.

૧

परोपकारः कर्तव्यः प्राणैरपि धनैरपि ।
परोपकारजं पुण्यं नस्यात्क्रतुशतैरपि ॥

પરોપકારાર્થે પ્રાણાર્પણ કરનાર મહર્ષિ દધીચિનો જન્મ ભાદ્રપદ માસની શુકલપક્ષની અષ્ટમીએ શુભ લગ્ન મુહુર્તમાં અથર્વણ મુનિનાં ધર્મપત્ની શાન્તિદેવીના ઉદરે થયો હતો. એમના જન્મથી આ જ લોકમાં નહિ કિન્તુ સ્વર્ગાદિ દેવભુવનોમાં પણ આનંદ આનંદ થઇ રહ્યો. બ્રહ્માએ અથર્વણ મુનિ પાસે આવી તેમના પુત્રનું નામ દધીચિ રાખી ભવિષ્ય ભાખ્યું કે આ પુત્ર અશ્વિનીકુમારોને વિદ્યાદાન આપશે અને એ અશ્વગ્રીવા પણ કહેવાશે.

યજ્ઞોપવિતાદિ સર્વ સંસ્કાર અને વિદ્યાધ્યયન સમાપ્ત કરી દધીચિએ પૂર્ણ યૌવનાવસ્થામાં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. એમનાં લગ્ન તૃણબિન્દુ મહારાજાની કન્યા વેદવતી સત્યપ્રભા જોડે થયાં. લગ્ન થયા પછી ગૃહસ્થાશ્રમનાં સુખ ભોગવી લઇને એમણે વર્ષો સુધી તપશ્ચર્યા કરી શિવ–ભગવાન પાસેથી વરદાનો પ્રાપ્ત કર્યાં. તે કાળમાં વરદાનોજ અત્યુત્તમ પ્રમાણુ-પત્રો માનવામાં આવતાં હતાં.

તત્પશ્ચાત્ મહર્ષિ દધીચિ વેદવતી: જોડે સાબરમતીના કાંઠે આશ્રમ બાંધી રહેવા લાગ્યા. રાજકવિ કલાપીના કથનાનુસાર:–

"ૐકારના રટણમાં દિન જાય ચાલ્યા,
એકાગ્ર ચિત્તથી ભજે પરબ્રહ્મ રાજા."

એમ તેમના દિવસો વ્યતીત થવા લાગ્યા.

પ્રાત:કાળે ઉઠી મહર્ષિ જંગલમાં જતા, શૌચાદિ ક્રિયાઓ કરી ઘૂ ઘૂ કરતા સ્વચ્છંદતાંથી વહેતા સાબરમતીના વિમળા નીરમાં સ્નાન કરતા અને જળમાં ઉભા રહી પ્રભુનું ધ્યાન ધરતા. વેદવતી પણ નિત્યકર્મ કરી આશ્રમમાં જતાં અને શિષ્યોને ઉપદેશ કરતાં. આસપાસના આશ્રમોમાંથી નિકળતો વેદધ્વનિ સાબરમતીના નીરના ધ્વનિનો પરાજય કરી સ્વછંદતાથી ચારે દિશાઓમાં વિચરતો, અને પશુ પક્ષિઓને નિદ્રામાંથી તથા માનવોને મોહનિદ્રામાંથી જગાડતો ! મહર્ષિ આશ્રમમાં આવી વેદવતી જોડે હવન કરતા, અને શિષ્યોને ઉપદેશ કરતા. મધ્યાહ્નકાળે સંધ્યા કરી "આહાર કંદમૂળનો કરતા સદાએ."

૨

સંધ્યાકાળનો સમય હતો. સૂર્ય ભગવાન પોતાના વૈભવને સંકેલી પશ્ચિમ દ્વારથી વિદાય થતા હતા. સાબરમતી નદીના પવિત્ર કાંઠાપર તપસ્વિઓ તપસ્વિનીઓ અને બ્રહ્મચારીઓનાં ટોળાં એકઠાં થઇ સ્નાનસંધ્યા કરતાં હતા. મહર્ષિ દધીચિ અને વેદવતી પણ ત્યાં તેજ કાર્ય કરી રહ્યાં હતાં.

એટલામાં કોઇના આવવાનો પગરવ સંભળાયો! સામેની કુંજમાંથી બે યુવકો આવતા જણાયા. એમની કાન્તિ મનમોહક અને વય સમાન હતી. એમણે નદીના કાંઠાપર વસ્ત્રો ઉતારી નદીમાં સ્નાનાર્થે પ્રવેશ કર્યો અને સંધ્યાદિ ક્રિયાઓ પ્રારંભી.

જ્યારે મહર્ષિ દધીચિ સંધ્યા કરી આશ્રમ તરફ જવા લાગ્યા ત્યારે તે કુમારો પણ ત્વરાથી તેમની પાછળ પાછળ જવા લાગ્યા. આશ્રમમાં પહોંચી કુમારોએ મહર્ષિને પ્રણામ કર્યાં. મહર્ષિએ આસન આપી તેમનો યોગ્ય સત્કાર કર્યો અને આવવાનું કારણ પૂછ્યું.

કુમારોએ કહ્યું, “પ્રભો! અમે અશ્વિનીકુમારો છીએ. આપ બ્રહ્મવિદ્યામાં નિપુણ છો તેથી અમે આપની પાસે તે વિદ્યા શિખવા ખાતર આવ્યા છીએ. પ્રભો! કૃપા કરી અમને તે વિદ્યા ભણાવો.”

અશ્વિનીકુમારોને જોઇ મહર્ષિ દધીચિને મહા હર્ષ થયો. પણ બ્રહ્મવિદ્યા પ્રદાન કરવાના વિચારથી તેઓ મોટી ચિન્તામાં

ગોથાં ખાવા લાગ્યા. આખરે તેમણે સ્પષ્ટ જણાવ્યું કે "કુમારો ! હું બ્રહ્મવિદ્યા પ્રદાન કરવાને શક્તિવાન છું છતાં તેમ કરવામાં કાંઇક વિઘ્નો આવી પડવાની સંભાવના છે, એ કારણથીજ હું તમને બ્રહ્મવિદ્યા અને પ્રવર્ગ્ય વિદ્યા ભણાવવા અચકાઉછું."

અશ્વિનીકુમારો—કોનો ભય આપને છે દેવ !

દધીચિ—પુરંદરનો.

અશ્વિનીકુમારો—પુરંદરનો ભય ! તે કેવી રીતે ?

દધીચિ—મઘવાની મારા પ્રતિ આજ્ઞા છે કે મારે કોઇને પણ એ વિદ્યાઓ ભણાવવી નહિ.

અશ્વિનીકુમારો—અને જો તમે ભણાવો તો એ શું કરે એમ છે ! એક પુરંદર તો શું પણ સહસ્ત્ર પુરંદરોનો પણ પરાજય કરવાની શક્તિ તપસ્વિઓમાં હોય છે.

દધીચિ—એ તો ઠીક, પણ સુરપતિની યોગ્ય આજ્ઞા પાળવાને અમે પણ બંધાયેલા છીએ.

અશ્વિનીકુમારો—પ્રભો ! ત્યારે શુ અમારી યાચના વ્યર્થ જશે ? શું અમારે નિરાશ થઇ પાછું જવું પડશે દેવ ! કહ્યું છે કે:—

> જળ અન્ન સમું નહિ દાન બીજું,
> પણ જ્ઞાનનું દાન સદા વધતું;

જળ અન્ન ઘડીભર તૃપ્તિ કરે.
પણ જ્ઞાન સદા વધશે ફળશે.

માટે દેવ! અમ યાચકોની આ યાચના કોઇ પણ જોખમે સ્વીકારો! અને પરોપકાર કરવામાં ઇન્દ્રની સ્વાર્થભરી આજ્ઞાનું ઉલ્લંઘન થાય તો થવા દો!

દધીચ—વત્સો! ત્યારે શું કોઇ અન્ય માર્ગ છે કે જેથી તમારા અભિલાષ પૂર્ણ થાય?

અશ્વિનીકુમારો—(જરા વિચાર કરી) હા છે.

દધીચિ—કહો ત્યારે!

અશ્વિનીકુમારો—મુનિવર્ય! સુરપતિએ આપના આ જ મુખથી વિદ્યાદાન કરવાની ના કહેલી છે. કોઈ બીજા મુખથી તો નહિજ ને!

દધીચિ—ના.

અશ્વિનીકુમારો—ત્યારે અમે તમારા આ શિર્ષને કાપી એને સ્થાને બીજું અશ્વનું શિર્ષ જોડી દઇશું. આપ તે અશ્વ-મુખથી અમને વિદ્યાદાન કરી શકશો.

દધીચિ--પરંતુ ઇન્દ્ર તે મસ્તકને પણ જરૂર કાપશે.

અશ્વિનીકુમારો—ભલેને કાપે, અમે અશ્વિનીકુમારો છીએ. સર્વ કાર્ય થઇ રહ્યા પછી અમે આપના મસ્તકનું પુનઃ બરાબર અનુસંધાન કરી આપીશું.

દધીચિ—ઠીક ત્યારે. આવતી કાલે સૂર્યોદય થતાં પહેલાં તમે અહીં આવજો. કાલથીજ તે વિદ્યા તમને ભણાવવી શરૂ કરીશ.

"મહદુપકાર થયો, મહદુપકાર થયો" એમ સહર્ષ કહેતા મહર્ષિના ચરણોમાં વંદન કરી તે અશ્વિનીકુમારો ત્યાંથી વિદાય થયા.

૩

બીજે દિવસે પ્રભાત કાળે અશ્વગ્રીવા લઇ અશ્વનીકુમારો ત્યાં આવી પહોંચ્યા. શુભ મુહુર્તમાં મહર્ષિએ અશ્વિનીકુમારોને પ્રવર્ગ્ય અને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ પ્રારંભ્યો.

બ્રહ્મવિદ્યાનો મહિમા અપાર છે. વર્ષોનાં વર્ષો તો શું પણ યુગયુગાન્તરો સુધી તેના વિષયમાં વિચાર કરવા બેસીએ તો યોગીઓના યોગીઓનો પણ પત્તો લાગે નહિ. અશ્વિનીકુમારોને આજે ભણતાં ભણતાં વર્ષો થવા આવ્યાં છે. એમની તીવ્ર બુદ્ધિ અને અટલ ગુરૂભક્તિ જોઇ મહર્ષિ પણ પ્રતિ દિવસે નવનવિન સામગ્રીઓ તૈયાર કરી એમના જ્ઞાનની વૃદ્ધિ કરે છે.

મૃત્યુલોકના તપસ્વીઓનો ઇન્દ્રને હમેશાં ઘણો ભય રહે છે. કોઇ સંયમી ઇન્દ્રાસન ન પચાવી પડે એ ચિન્તામાં જ તે સદા રહે છે, અને તે જ કારણથી તેના ગુપ્તચરો પોલીસનું કાર્ય કરતા હરહમેશ તપોવનોમાં વિચરણ કરતા જ રહે છે.

એકદા એ પ્રાતઃકાળનો સમય હતો. મહર્ષિ સન્ધ્યાદિ નિત્ય કર્મો કરી અશ્વિનીકુમારોને ઉપદેશ કરતા હતા. વિમળ નભમાં સહસા મેઘ સ્વારી આવી ચઢી. વિજળીના ઝબકારા થવા લાગ્યા. મેઘના ધડાકાઓથી ચારે દિશાઓ ગાજી ઉઠી ! મયુરગણ પોતાની મધુરી કેકાથી મેઘને સ્વાગત દેવા લાગ્યા. વાતાવરણમાં એકાએક થયેલું આ રૂપાંતર જોઇ કુમારો કહેવા લાગ્યા કેઃ—

“ગુરો ! પુરંદરની મદભરી સ્વારી આવતી જણાય છે ! અમે હવે આપના શિર્ષનું રક્ષણ કરવા જઇએ છીએ.”

એમ કહી અશ્વિનીકુમારો મહર્ષિનું મસ્તક લઇ આશ્રમમાંથી નીકળી કુંજની ઘટાઓમાં અદૃશ્ય થયા. એટલામાં તો ઐરાવત પર સહસ્ર નેત્રો ડોલાવતા ઇન્દ્ર ભગવાન ત્યાં આવી પહોંચ્યા. ક્રોધાગ્નિથી ધગધગતા નેત્રો વડે શાન્તિપૂર્ણ એ આશ્રમને જોતા ઐરાવત પરથી નીચે ઉતરી મહર્ષિ પાસે આવી કર્કશ સ્વરે તેમને કહેવા લાગ્યા કેઃ—

ઈંદ્ર—મહર્ષે ! મેં સાંભળ્યું છે કે તમે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી અશ્વિનીકુમારોને બ્રહ્મવિદ્યા શિખવો છો.

દધીચિ—સુરેશ ! વિચાર કરતાં આપની આજ્ઞા મને અયોગ્ય લાગી, અને તેથી મેં સ્નેહે એ કાર્ય આદર્યું છે.

ઇન્દ્ર—શું મારી આજ્ઞા અયોગ્ય ! તે ગમે તેમ હો, પણ તમારે વિચાર કરવો જોઇતો હતો કે એ આજ્ઞા કોના છે ! એ

આજ્ઞા હની સુરાધિપતિની ! ન્યાય અને અન્યાય વિષે વિચાર અમારે કરવાનો છે, તમારે નહીં

દધીચિ—સુરપતિ! તમે અહીં જ ભૂલો છો. વિશેષ વાદ વિવાદ ન કરતાં હું એટલું જ કહીશ કે મેં જે કર્યું છે તે યોગ્ય જ છે. અમે અરણ્યવાસિઓ વિદ્યાદાન આપવામાં જો પાછી પાની કરીએ તો પછી અમારી પાસે એવું તે બીજું શું છે કે જે જનતાના હિતમાં અમે અર્પી શકીએ ?

ઇન્દ્ર—ત્યારે મઘવા પણ આ અશ્વગ્રીવાને યોગ્ય શિક્ષા કર્યા વિના નહિ રહે.

દધીચિ—ભલે કરે. કેમ કે:—

નિંદો ભલે અજ્ઞાની જન,
કે જ્ઞાની જન સ્તુતિ કરો;
આવી મળો લક્ષ્મી યથેચ્છા,
કે સમૂળી પણ પળો.
આજેજ કે યુગાન્તરે,
કદિ મરણ થાતું છો નકી;
પણ ધીર પાછું ના ભરે,
ડગ ન્યાય કેરા માર્ગથી.

(મોદ માર્તણ્ડ.)

મહર્ષિનું આવું અચળ ધૈર્ય જોઇ ઇન્દ્ર આશ્ચર્ય પામ્યો, પણ ઇર્ષ્યાના મૂળથી ઉદ્ભવેલ ક્રોધે એની સર્વ ઉચ્ચ ભાવનાઓ નષ્ટ કરી. પુરંદરે મહર્ષિની અશ્વગ્રીવાને પોતાના ખડગથી

કાપી આશ્રમમાં આસપાસ દૃષ્ટિ કરી ત્યાંથી વિદાય થયો.

શચિપતિના ગયા પછી અશ્વિનીકુમારો મહર્ષિનું શિર્ષ લઈ પાછા ત્યાં આવી પહોંચ્યા. તે શિર્ષનું ધડ જોડે અનુસંધાન કરી મહર્ષિને તેમણે સજીવન કર્યા અને પ્રણામ કરી બોલ્યા કેઃ—

" મહર્ષિ ! જોયો ઇન્દ્રનો કાર ! "

" એ તો સુકૃતિયોનો સદાનો જ વિદ્રોહી છે. " એમ કહી મહર્ષિ દધીચિ મધ્યાન કાળની સંધ્યા કરવા નદીતટ પર ગયા.

૪

અશ્વનિકુમારોને વિદ્યાદાન કર્યા પછી મહર્ષિના દિવસો તપસાનંદમાં જવા લાગ્યા. એક દિવસે મહર્ષિ સંધ્યાદિ નિત્ય-કર્મોથી નિવૃત્ત થઇ બેઠા હતા. વેદવતી પાસેના કુંજમાં જળ-સિંચન કરતી હતી. મહર્ષિની દૃષ્ટિ સહસા એના પર પડી અને વિચાર કરવા લાગ્યા કેઃ—

" આ તૃણબિંદુ મહારાજાની દુહિતા કયાં, અને હું કઠોર તપ આચરનાર કયાં! ધન્ય છે એ સાધ્વીને કે મ્હારી ખાતર એ આટલાં આટલાં કષ્ટો સહન કરે છે અને આ પ્રભુની વાટિકામાં પૂર્ણાનંદ માને છે ! આવા સ્થાનોમાં તો કઠોર અને બળવાન જનોજ નિવાસ કરી શકે. આવાં સુકોમળ પુષ્પો તો રાજ્યભવનોનેજ યોગ્ય છે. એના સુકોમળ અવયવો દિન-પ્રતિદિન કૃશ થતા જાય છે ! તે નૃપકુમારિકા હોઇ રાજ્ય વૃભવોને વિસારી આવી ત્યાગશક્તિ બતાવે છે તેથી તેને ધન્ય છે ! પણ એના સેવા સુશ્રુષાના ફળરૂપે મારે એની વાંચ્છા

તો પૂર્ણ કરાવવી જોઇએ, અને એ વાંચ્છા પુત્ર પ્રાપ્તિ જ હોઇ શકે. કેમ કે:–

" **पुत्रं विना फलं स्त्रीणां नैव तुल्यं कथंचन ॥** " *

વેદવતી વિષે આમ વિચાર કરતા કરતા મહર્ષિ ત્યાંથી ઉઠ્યા. વેદવતી પાસે જઇ પોતાનું વીર્યયુક્ત વસ્ત્ર ઉતારી એને ધોઈ લાવવા આપ્યું! તે વસ્ત્રને લઇ વેદવતી નદી તટપર ગયાં.

૫

વેદવતાના ગયા પછી મહર્ષિ વિચારમગ્ન થઇ એક વૃક્ષ હેઠળ જઇ બેઠા. એટલામાં તો કોઇના આવવાનો સણસણાટ સંભળાયો! મહર્ષિએ અહીં તહી દ્રષ્ટિ કરી! સામેથી ઇન્દ્ર ભગવાન જોડે દેવોની સ્વારી આવતી જણાઇ! એમનાં મુખ મલીન હતાં! સ્થાનભ્રષ્ટ થયેલા દેવો પોતાનાં શિર્ષ નમાવી મંદ ગતિથી ચાલતા હતા! એમની સ્થિતિ શોચનીય હતી!

ઇન્દ્ર ભગવાન પોતાના અધિકારના આધારે સૌની આગળ ચાલતા હતા! આશ્રમમાં પ્રવેશ કરતાંજ એમના શરીરમાં અજબ ચેતન સંચર્યું! ત્યાં પ્રસરી રહેલી વિમળતા સૌને મનમોહક લાગી! તે આશ્રમની રમણીયતા અને તે વનના વૈભવ અમરપુરી અને નન્દનવનના વૈભવો કરતાં કંઇક અનેરા જણાયા! કેમ કે અમરપુરી અને નન્દનવનના વૈભવ તો શૃંગારરસ પૂર્ણ અને પ્રેમીજનોચિત હતા. જ્યારે આ આશ્ર-

---

*દધીચિ સંહિતા.

મના આનંદ પ્રભુપદ પ્રેમભક્તિના અમર સુરસથી વિમળતા ભરતા હતા ! સ્વર્ગનાં મંદિરો અને કુંજો ભોગવિલાસ માટે હતાં, જ્યારે આ આશ્રમો અને કુંજો ભક્તિવિલાસ માટે હતાં!

દેવોને આવતા જોઇ મહર્ષિ ઉઠ્યા. સસ્મિત સ્વાગત કરી એમને આસનો આપ્યાં પછી તેઓ બોલ્યા કેઃ–

દેવો ! ભલે પધાર્યા ! આ મૃત્યુલોકમાં કોનાં અહોભાગ્ય છે કે જેના હિતાર્થે સ્વર્ગ ત્યાગી આપ અહીં આવ્યા છો ? બોલો મ્હારા યોગ્ય કાંઇ સેવા ! ”

ઇન્દ્ર—(હાથ જોડી નમ્રતાથી ચલાવ્યું) ભગવન્! તમ્હે જાણતાજ હશો કે વૃત્રાસુર નામનો દાનવ ત્રણે લોકને સંતાપી દેવોમાં ત્રાસ વર્તાવી રહ્યો છે.

મહર્ષિ દધીચિ—હા, મ્હેં એ વાત જાણી છે. એ તો એનો રાક્ષસી ધર્મ છે.

ચન્દ્ર—અને ભગવન્ ! એ મઘવાનો પરાજય કરી ઇન્દ્રાસન પણ પચાવી બેઠો છે.

ઇન્દ્ર—(નિઃશ્વાસ મુકીને) હા દેવ !

મહર્ષિ દધીચિ—આવા દુષ્ટને તો અધિક બળવાન થયા પહેલાંજ દબાવવો યોગ્ય છે. નહિ તો ત્રણે લોકો ભયમાં આવી પડશે.

સર્વ દેવો—અને તેથીજ અમે આપની સાહાય્ય લેવા આવ્યા છીએ.

મહર્ષિ દધીચિ—મ્હારી સાહાય્ય? શું બોલો છો સુરેશ! અમે અરણ્યવાસીઓ આપને શું સાહાય્ય કરી શકીએ તેમ છીએ!

ઈન્દ્ર—પ્રભો! એ કાર્ય આપનાથીજ બની શકે તેમ છે.

દધીચિ—ત્યારે તો બેધડક કહો! આપનું દુઃખ ટાળવા હું મારૂં સર્વસ્વ અર્પણ કરવા પણ તૈયાર છું.

ઇન્દ્ર—કૃપાળુ! વૃત્રને મારવાનો વિષ્ણુ ભગવાને બતાવેલો માત્ર એકજ ઉપાય છે.

દધીચિ—ને એ શું છે? સુખેથી કહો!

ઇન્દ્ર—મુનિવર્ય! વૃત્રાસુરનું મૃત્યુ તમારા અસ્થિથી બનાવેલા વજ્રપ્રહારથીજ થઇ શકે એમ છે.

સર્વ દેવો—(નમન કરી) તેથી કૃપાનિધે! આપ અસ્થિદાન કરો.

૬

કળિકાળમાં કહો કે વીસમી સદીના સ્વાર્થપૂર્ણ જમાનામાં કહો પણ અસ્થિદાન એટલે દેહત્યાગ. એવી વજ્રપ્રહાર જેવી ભયંકર યાચના કોઇને અસહનીય લાગશે, પણ એ જમાનો તો ઓરજ હતો કે જે વખતે આ વિનાશી દેહ કરતાં આત્માને ઉચ્ચ પદ અપાતું! શરીરરક્ષા કરતાં આત્મરક્ષા તરફ અધિક ધ્યાન અપાતું! વિલાસ કરતાં ત્યાગ વિશેષ મહત્વપૂર્ણ મનાતો!

દેવોની એ યાચના સાંભળી મહર્ષિએ કહ્યું કે:—

"હે દેવો! જો મનુષ્યનું શરીર પરોપકારાર્થે કામમાં નહિ

લાગે તો પછી તે બીજા શા કામમાં આવશે? મને ઘેર બેઠાં જ આ ક્ષણભંગુર દેહનો સદુપયોગ કરવાનો આમ અવસર પ્રાપ્ત થયો છે તો તેને હું કેમ ગુમાવું? જે મનુષ્ય અધ્રુવ દેહથી ધ્રુવ એવા ધર્મયશને પ્રાપ્ત નથી કરી શકતો તે સ્થાવર વૃક્ષાદિકથી પણ અધમ છે. આજ સ્થળે નિહાળોને:—

નદી કેરું પાણી સતત વહીને સાગર ભણી !
ધરીને વૃક્ષો સૌ કુસુમ ફળને ઔષધિ ઘણી !
બને છે આનંદે અપર ઉપકારી સુખ કરી !
નકી સન્તોની આ વિભૂતિ જગ માંહે ખિલી રહી !

મ્હને મ્હારા નાશવન્ત દેહની પરવા નથી. હવે હું એનો ત્યાગ કરું છું. તમે એનો યથેષ્ટ ઉપયોગ કરજો. (શિષ્ય તરફ જોઈ) પ્રિય શિષ્ય ! વેદવતી જ્યારે પાછી આવે ત્યારે આ સમાચાર તેને કહી દેજે."

એમ કહી તે યોગમૂર્તિ પરોપકારી તપની પ્રતિમારૂપ મહર્ષિ દધીચિએ યોગબળથી પોતાના આત્માને પરમાત્મ સ્વરૂપમાં ભેળવી દઈ આ ભૌતિક શરીરનો ત્યાગ કર્યો.

ઇંદ્રાદિ સર્વ દેવો દધીચિ ઋષીના આ દેહત્યાગથી આશ્ચર્ય-ચકિત થઈ દિગ્મૂઢ બન્યા. તેમના અસ્થિનો યથેચ્છ ઉપયોગ કરી દૈત્યનો નાશ કર્યો અને દેવોનું દુઃખ ટળ્યું.

આ પ્રમાણે પરોપકારાર્થે પોતાના પ્રાણની પણ આહૂતિ આપનાર પ્રાચીન ઋષિમુનિઓના નિવાસસ્થાન તરીકે આ ભારતભૂમિ આજ પણ પોતાનું ગૌરવ ટકાવી રહી છે.

પારમાર્થિક કાર્યો માટે ઐહિક સંપત્તિ વૈભવ અને પ્રાણનો પણ ત્યાગ કરનારા મહાત્મા ગાંધીજી જેવા અનેક ત્યાગી પુરૂષો ભારતવર્ષમાં જન્મો, અને ભારતભૂમિનાં તેત્રીશ કરોડ ફરજંદોને પુનઃ તેમની પ્રાચીન ઝાંહોજલાલી સત્વર આવી મળો એવી પરમકૃપાળુ પરમાત્માને આ નવીન વર્ષના પ્રારંભમાં પ્રાર્થના કરી વિરમિશું. ઇતિ ઓમ્ તત્સત્.

સમાપ્ત.

મુદ્રક—પ્રભાશંકર જયશંકર પાઠક. પુરંદરે પાઠક પ્રીંટીંગ પ્રેસ,
૩ ઠાકોરદ્વારરોડ—મુંબઇ ૪.

પ્રકાશક—મહાવીરપ્રસાદ શિ. દાધીચ, પ્રાઇવેટરોડ શાંતાક્રુઝ.

આવૃત્તિ—૧]   સને ૧૯૨૪   [પ્રતિ ૧૦૦૦.

છપાય છે !   છપાય છે !!

આ લેખકનાં

હવે પછી પ્રકટ થનારાં અન્ય પુસ્તકો.

સાચો સ્નેહી.

સાદી ને સરળ ભાષામાં લખાએલું
રાષ્ટ્રીય ભાવનાને પોષતું
વિવિધ પ્રકારના ભાવો વ્યક્ત કરતું
એક સુંદર નાટક

અને

આદર્શભૂત જીવન.

સાહિત્ય પરિષદ્‌ની સાક્ષરોની કમીટીમાં
સર્વોત્તમ ઠરેલા
પ્ર. જ. પાઠકના ગુજરાતી ભાષામાં પ્રકટ થયેલા
એ પુસ્તકનો હીંદી ભાષામાં અનુવાદ.

परोपकाराय फलन्ति वृक्षाः
परोपकाराय वहन्ति नद्यः ।
परोपकाराय दुहन्ति गावः
परोपकारार्थमिदं शरीरं ॥

× × ×

॥ परोपकाराय सतां विभूतयः ॥

× × ×

श्रोत्रं श्रुतेनैव न कुण्डलेन
दानेन पाणिर्न तु कंकणेन ।
विभाति कायः खलु सज्जनानां
परोपकारेण न चन्दनेन ॥